ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ :યુનિગુજરાત

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
**(NAAC Accredited B++)**
**www.gujaratuniversity.org.in**

FAX : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegrams : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY,
POST BOX NO. 4010, NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

**નં. પરીક્ષા/૨-અ/BEd/૩૧૧૮/૨૦૧૪** **તા. ૧૩-૧૦-૨૦૧૪**

**પરિપત્ર નં. : ૨૨૦**

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ્. કૉલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, તારીખ. ૧૦-૧૧-૨૦૧૪ થી શરૂ થતી બી.એડ્. સેમેસ્ટર-૧ (રેગ્યુલર-રીપિટર) વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદનપત્રો ભરવાના થાય છે. આવેદનપત્રો અને યાદી યુનિવર્સિટીની વેબસાઈટ www.gujaratuniversity.org.in પર મુકવામાં આવેલ છે. આ આવેદન પત્રો અને યાદી ડાઉન લોડ કરી ભરેલા આવેદનપત્રો આ કાર્યાલયને **તા. ૧૮-૧૦-૨૦૧૪** સુધીમાં યાદીની બે નકલ અને ફી સાથે જમા કરાવવાનું જણાવવામાં આવે છે. ત્યારબાદ માન. કુલપતિશ્રીના આદેશ સિવાય કોઈ જ પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

**પરીક્ષા ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટે મોકલતા અગાઉ નીચેની સૂચનાઓનું ચુસ્તરીતે પાલન કરવા વિનંતી છે.**

(૧) પરીક્ષા ફી પેટે વિદ્યાર્થીદીઠ રૂ. ૨૨૫/- જમા કરાવવાના રહેશે. જેમાં રૂ. ૨૫/- પરીક્ષા ફોર્મની ફી, રૂ. ૨૦૦/- પરીક્ષા ફીનો સમાવેશ થાય છે.

(૨) **વિદ્યાર્થીએ ભરેલ તમામ વિગતો તથા પ્રિ-પ્રિન્ટેડ ફોર્મમાં છપાયેલ વિગતો કોલેજે ચકાસીને અને જો કોઈ વિદ્યાર્થી કેન્સલ થયેલ હોય તો યાદીમા લાલ પેનથી કેન્સલ કર્યા બાદ જ આચાર્યશ્રીના સહી-સિક્કા કરીને જમા કરાવવાના રહેશે.**

(૩) **રજુ કરેલ પ્રિ-પ્રિન્ટેડ ફોર્મમાં કોઇ સુધારા આવેલ હોય અથવા કોઈ વિદ્યાર્થી કેન્સલ થયેલ હોય તો તનુ ફોર્મમાં લાલ પેનથી કેન્સલ લખી તે અલગ બંચમાં મુકવા અને સેમેસ્ટર-૧ રિપિટર ના પરીક્ષા ફોર્મની સાથે તમામ પ્રયત્નના ગુણપત્રકની નકલ પણ અલગ બંચમાં મુકી જમા કરાવવાના રહેશે.**

(૪) પરીક્ષા ફોર્મને પંચિગ કે કાણું પાડવું નહીં અને સ્ટેપલર પીન લગાવવી નહીં. તેમજ પરીક્ષા ફોર્મમાં દર્શાવેલ ક્રમ નં-૪ કોલેજ સિરિયલ નંબર મુજબ ક્રમમાં ફોર્મ પ્લાસ્ટિકના કવરમાં મોકલવાના રહેશે. જેથી ફોર્મ ફાટી કે ચોળાઈ ન જાય, જો ફોર્મ તે રીતે નહિ હોય તો ફોર્મ સ્વીકરવામાં આવશે નહીં.

**(૫)** પરીક્ષાની ફી ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ/પે-ઓર્ડર, **કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦૦૦૯**. ના નામનો કઢાવીને મોકલી આપવાનો રહેશે. CTS Code વાળો ડિમાન્ડ ડ્રાફ્ટ/પે-ઓર્ડર બેન્ક કમિશન બાદ કરીને કઢાવવાનો રહેશે. રોકડ રકમ સ્વીકારવામાં આવશે. **ચેક કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં.**

આભાર સહ.

કુલસચિવ

[E:\deepak\Paripatra-2014-15\BEd-Seme-I Form Nove-2014.pmd]